617

સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો/આર્થિક પછાત વર્ગો
માટે સમાજ શિક્ષણ શિબીર યોજના

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ નં.સશપ-૧૪૦૬-નં.બા.૪-અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩/૨૦૦૭.

23 MAR 2007

**વંચાણમાં લીધા :-**

૧. મજર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-બકર/૧૫૭૮/૪૬૮૦(૭૯)/હ. તા.૧૨-૭-૭૯.
૨. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-બકર/૧૦૭૮/૧૦૮૪૪(૮૦)/હ, તા.૧૮/૩/૮૦
૩. સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૧૮૪/૧૦૧૫/અ. તા.૨૬-૭-૮૪.
૪. સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૧૮૬/૧૨૦૧(૮૭)/અ. તા.૧૧-૮-૮૭.
૫. સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૯૨/હ-(૧૩)-અ. તા.૧૦-૨-૯૨.

**ઠરાવ :-**

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોમાં જાગૃતિ લાવવા માટે તથા તેમને સંબંધિત યોજનાઓનો બહોળો પ્રચાર થઇ શકે એ માટે સામાજીક શિક્ષણ શિબીરોની યોજના આમુખ ક્ર:૧ માં દર્શાવેલ ઠરાવ તા.૧૦-૨-૯૨ના ઠરાવથી અમલમાં છે.

હાલ આ યોજના અંતર્ગત એક જિલ્લાદીઠ ૬ શિબીરો યોજવાની તેમજ એક શિબીરદીઠ રૂ.૫૦૦૦/-સુધીનું ખર્ચ કરવામાં આવે છે.

સમાજ શિક્ષણ શિબીર માટે હાલના ખર્ચની મર્યાદામાં કરવામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/આર્થિક રીતે પછાત વર્ગો માટેની સમાજ શિક્ષણ શિબીરની યોજના અંતર્ગત શિબીરદીઠ રૂ.૫૦૦૦/-ના ખર્ચની હાલની મર્યાદામાં વધારો કરી રૂ.૧૫૦૦૦/-કરવાનું ઠરાવેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજ પત્રમાં વિભાગ-રની નવી બાબત તરીકે આ માટે કરવામાં આવેલ રૂ.૭.૨૦ લાખનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ યોજનાનો નીચે મુજબના સ્વરુપે અમલ કરવાનો રહેશે.

//૨//

૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો તેમજ આર્થિક પછાત વર્ગોમાંથી પસંદ કરાયેલા ૪૦ કે તેથી વધુ આગેવાનો તેમજ સ્થાનિક રહીશો સહિત ૨૦૦ વ્યક્તિઓની શિબીરો યોજવામાં આવશે.

૨) આ શિબીરો સ્વૈચ્છિક સંસ્થાઓ કે પંચાયતોને સામેલ કરીને પ્રાદેશિક ધોરણે પણ યોજી શકાશે.

૩) આ યોજનાનો અમલ જિલ્લા નાયબ નિયામક(વિ.જા.), જિલ્લા સમાજ કલ્યાણ, અધિકારી(વિકસતી જાતિ) મારફતે કરવાનો રહેશે.

૪) આ શિબીર એક દિવસ માટે રાખવાની રહેશે. આખા દિવસ માટેની શિબીરનો સમય એ રીતે ગોઠવવાનો રહેશે જેથી તેમાં શિબીરને લગતી તમામ બાબતોનો સમાવેશ થઇ જાય.

૫) (જિલ્લા મથકો સિવાય) તાલુકા મથકે અથવા તેના અંદરના ભાગોમાં આવી શિબીર યોજવાની રહેશે કે જયાં શિબીરમાં ભાગ લેનાર માટે રહેવા, જમવાની તથા અન્ય સગવડો કરવામાં સરળતા રહે.

૬) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો અથવા આર્થિક પછાતવર્ગોની જયાં વિશેષ પ્રમાણમાં વસ્તી હોય ત્યાં શિબિર યોજવામાં અગ્રતા આપવી.

૭) વ્યક્તિદીઠ ભોજનખર્ચની મર્યાદા રુ.૪૦/-(રૂપિયા ચાલીસ)થી વધવી જોઇએ નહીં. આ ખર્ચમાં ભોજનખર્ચ, નાસ્તો, પાણી વિગેરેનો સમાવેશ થઇ જાય છે.

૮) શિબીરદીઠ ખર્ચની મહત્તમ મર્યાદા રુ.૫૦૦૦/-હતી. તે વધારીને રુ.૧૫૦૦૦/- (પંદર હજાર) કરવામાં આવે છે. શિબીરમાં રુ.૧૫૦૦૦/-નો ખર્ચ કરવો જ એવો અર્થ થતો નથી. શિબીરમાં છાપેલું સાહિત્ય પણ આપી શકાશે. જેના ખર્ચ સહિત શિબીરમાં વધુમાં વધુ રુ.૧૫૦૦૦/- ખર્ચ થઇ શકશે. ખર્ચની પ્રત્યેક બાબતમાં ગુજરાત નાણાંકીય નિયમો તેમજ અન્ય સામાન્ય સુચનાઓનું પાલન થાય તે જોવાની જિલ્લા નાયબ નિયામક(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)ની અંગત રહેશે.

૯) શિબીરમાં તાલુકા/જિલ્લા અધિકારીઓ, રાજય સરકારના સબંધિત વર્ગ-૧ના અધિકારી/સમાજ સેવકો, ધારાસભ્યો અને અન્ય આગળ પડતી વ્યકિતઓને નિમંત્રણ પાઠવવાનું રહેશે. આ શિબિરોમાં સરકારે આ વર્ગો માટે મંજુર કરેલી શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને ગૃહ નિર્માણ વિગેરે અંગેની વિવિધ યોજનાઓ અંગેની માહિતી અને સમજુતી આપવામાં આવે તેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. શિક્ષણ સ્વચ્છતાનું મહત્વ પણ સમજાવવાનું રહેશે.

૧૦) શિબીરને કોઇપણ સંજોગોમાં રાજકીય સ્વરુપ ન આપવામાં આવે અને ઉશ્કેરણીજનક પ્રવચનો ન થાય તેની કાળજી લેવાની રહેશે.

૧૧) વર્ષ ૨૦૦૭-૦૮થી દરેક વર્ષ દરમ્યાન પ્રત્યેક જિલ્લાદીઠ ૩(ત્રણ) શિબીરો યોજવાની રહેશે .

૧૨) આ ઠરાવનો અમલ તા.૧/૪/૨૦૦૭થી કરવાનો રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક-૯૨ અંદાજપત્રના સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ-૦૩-પછાત વર્ગોનું કલ્યાણ-૮૦૦-અન્ય ખર્ચ-બીસીકે-૧૨૧-સમાજ શિક્ષણ શિબિરો હેઠળ ઉધારવો.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૩-૩-૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિનેશ પી.કાપડીયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા.અને અ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.
સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સીલેકટ ફાઈલ.

પટેલ/એએન.૧/